અપીલ અરજી નં.૩૬૯ તા.૨૮–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૧૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) અડાજણ પાટીયાથી રૂષભ ચાર રસ્તા વચ્ચેના મેઈન રોડ પર આવેલ આર્શીવાદ હોટલ તથા સ્કાય વ્યુ સેલ્સ નામના મિલ્કતધારકોએ મિલ્કતની માર્જીનવાળા ભાગમાં જે રોડ ઉભા કર્યા છે તેની સામે આપના વિભાગે અત્યાર સુધીમાં જે જે કાર્યવાહી કરી હોય તેની નકલો સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૨) આપના વિભાગ તરફથી તા.૬–૨–૧૦ ના રોજથી આ.નં.૬૯૦ થી અમને એક પત્ર લખ્યો હતો તે પત્રમાં આર્શીવાદ હોટલ તથા સ્કાયવ્યુ સેલ્સવાળા મિલ્કતધારકોને રોડ દુર કરવાનું રૂબરૂ સૂચન કર્યુ હોવાનું જણાવવામાં આવ્યું છે તો આ સૂચન આપના વિભાગના કયા અધિકારી ધ્વારા કરવામાં આવ્યુ અને તે કઈ તારીખે કરવામાં આવ્યું તેની વિગતો આપશો અને આ સૂચન બાદ મિલ્કતધારક કે તે રોડ હટાવ્યો કે કેમ તેની વિગત આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૯/૨૦૧૦–૧૧.

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૧૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) અડાજણ પાટીયાથી રૂષભ ચાર રસ્તા વચ્ચેના મેઈન રોડ પર આવેલ આર્શીવાદ હોટલ તથા સ્કાય વ્યુ સેલ્સ નામના મિલ્કતધારકોએ મિલ્કતની માર્જીનવાળા ભાગમાં જે રોડ ઉભા કર્યા છે તેની સામે આપના વિભાગે અત્યાર સુધીમાં જે જે કાર્યવાહી કરી હોય તેની નકલો સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૨) આપના વિભાગ તરફથી તા.૬–૨–૧૦ ના રોજથી આ.નં.૬૯૦ થી અમને એક પત્ર લખ્યો હતો તે પત્રમાં આર્શીવાદ હોટલ તથા સ્કાય વ્યુ સેલ્સવાળા મિલ્કતધારકોને રોડ દુર કરવાનું રૂબરૂ સૂચન કર્યુ હોવાનું જણાવવામાં આવ્યું છે તો આ સૂચન આપના વિભાગના કયા અધિકારી ધ્વારા કરવામાં આવ્યુ અને તે કઈ તારીખે કરવામાં આવ્યું તેની વિગતો આપશો અને આ સૂચન બાદ મિલ્કતધારક કે તે રોડ હટાવ્યો કે કેમ તેની વિગત આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને દિન–૪ ના વિલંબથી તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે આ.નં.૬૯૦ તા.૬–૨–૧૦ નો કોઈ પત્ર લખાયેલ હોય તો તેની નકલ પણ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૮૩ તા.૮–૩–૧૧ થી ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજી દિન–૪ ની વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા તથા વધુમાં તેમની અરજીમાં જણાવેલ વેસ્ટઝોનના પત્ર નં.૬૯૦ તા.૬–૨–૧૦ ના પત્રની નકલ પણ સામેલ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તથા અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૭–૧૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ કે નિર્ણય ન મળવાથી દિન–૪ ના વિલંબથી તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અરજદાર પાસે અત્રેથી આરટીઆઈ સેલ/૧૩૮૩ તા.૮–૩–૧૧ થી વિલંબિત અરજી અંગે વાજબીપણું રજૂ કરવા તેમજ વેસ્ટઝોનના પત્ર નં.૬૯૦ તા. ૬–૨–૧૦ ના પત્રની નકલ રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદારે તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કેરલ નથી. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે અરજદાર ધ્વારા માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ હોઈ તેવું જણાતું નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી કે ઈન્કાર માટે કાયદા હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. જેને અનુલક્ષી સાથે અરજદારની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણા વિનાની વિલંબિત અપીલ અરજીના ઉપલક્ષ્યમાં મુળ અરજીથી અરજદારે માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨)શ્રી રમેશ કે. જાંગીડ,